# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT MSME

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે 86 હજાર 418 કરોડ રૂપિયાના મૂડી રોકાણ સાથે 3 લાખ 98 હજાર કરતાં વધુ રોજગારીનું સર્જન થયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકારની ‘ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ ’ પહેલ અંતર્ગત એક લાખ 10 હજાર લાખ જેટલા MSME એકમોની નોંધણી સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ક્લસ્ટર વિકાસ-માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય યોજના હેઠળ 1511 એકમોને કુલ 30 કરોડથી વધુનું ચૂકવણું કરાયું છે. માત્ર વર્ષ 2024-25માં જ રાજ્યમાં 42 હજાર 774 કરોડથી વધુના રોકાણ દ્વારા એક લાખ 65 હજાર કરતાં વધુ નવી રોજગારીનું સર્જન થયું છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા 21 હજાર કરતાં વધુ એકમોને 958 કરોડ રૂપિયા જેટલી નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવી છે.

. . .

# CM SPORTS DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે અમદાવાદમાં ગુજરાત રમતગમત પત્રકાર સંગઠન દ્વારા યોજાયેલા પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે “રમશે ગુજરાત , જીતશે ગુજરાત”ની વિષયવસ્તુ સાથે ખેલ મહાકુંભ-2025 માટેની નોંધણીનો પણ પ્રારંભ કરાવ્યો.

શ્રી પટેલે ઉત્કૃષ્ટ રમતગમત સુવિધાઓથી સજ્જ અમદાવાદ વૈશ્વિક કક્ષાના રમતોત્સવના આયોજન માટે તત્પર હોવાનું જણાવ્યું. દેશ રમતગમત ક્ષેત્રે આગળ વધે તે માટે ઉત્તમ વાતાવરણ તૈયાર કરાયું હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું.

**(બાઈટ- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

. . . . . .

# BHUPENDRA PATEL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગરમાં સિધ્ધિ તપના આરાધકોના સામૂહિક પારણાના વરઘોડાને પ્રસ્થાન કરાવ્યું હતું. ૫૩૧ થી વધુ સિદ્ધિતપના તપસ્વીઓની તપશ્ચર્યાના પારણા મહોત્સવ પ્રસંગે મુખ્યમંત્રીએ આરાધકોને શુભેચ્છા પાઠવી હતી. મુખ્યમંત્રીને જૈન આચાર્ય દ્વારા વાસક્ષેપ અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક તપા સંઘના આગેવાનો દ્વારા મુખ્યમંત્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, એક સાથે આટલા તપસ્વીઓના દર્શન માત્રથી ઉદ્ધાર થાય છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી રાજ્ય શ્રીમતી નિમુબેન બાંભણીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . .

# ARVALLI PADYATRI

અરવલ્લી જિલ્લામાં અંબાજી જતા પદયાત્રીઓના ધસારાને લઈ વિવિધ જગ્યાએ વિસામાની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાદ્ય અને નાગરિક પૂરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે આજે મા જગદંબાની આરતી ઉતારી વિસામાનો પ્રારંભ કરાવ્યો.

**(બાઈટઃ ભિખુસિંહ પરમાર, મંત્રી)**

. . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

. . . .

# SPORTS DAY OVERALL

રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાઈ રહ્યો છે. આજના દિવસે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

ભાવનગરમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં રમતગમત દિવસ ઉજવાયો. આ પ્રસંગે સુશ્રી બાંભણિયાએ મેજર ધ્યાનચંદની સિદ્ધિઓ વર્ણવી હતી.

પાટણમાં સાંસદ ભરતસિંહ ડાભીએ રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ અને સાંસદ ખેલ મહોત્સવ 2025નો શુભારંભ કરાવ્યો. મહોત્સવમાં ક્રિકેટ , કુસ્તી, જુડો, બેડમિન્ટન, વૉલીબોલ, બાસ્કેટબૉલ, સ્કેટિંગ તથા ઍથ્લેટિક્સ જેવી વિવિધ રમત રમાશે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા રમતગમત દિવસની ઉજવણી નિમિત્તે બિચ ગૅમ્સ યોજાઈ છે. તેમાં કબડ્ડી , યોગ સહિત અનેક સ્પર્ધા યોજાઈ.

કચ્છમાં ભુજની આર. ડી. વરસાણી શાળામાં સાંસદ વિનોદ ચાવડાની અધ્યક્ષતામાં રમતગમત દિવસ ઉજવાયો. સાથે જ સાંસદશ્રીએ સાંસદ ખેલ મહોત્સવની નોંધણીનો પ્રારંભ કરાવ્યો. રમતવીરો SANSADKHELMAHOTSAV.IN વૅબસાઈટ પર જઈ આજથી આગામી 20 સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકશે.

. . . . .

# RAIN OVERALL

હવામાન ખાતાએ બીજી સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ પહેલી સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા હવામાન ખાતાએ સૂચના આપી છે.

દરમિયાન આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 75 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સવા છ ઇંચ જેટલો વરસાદ તાપીના ડોલવણ તાલુકામા , જ્યારે શહેરા સહિત 12 તાલુકામાં બેથી સવા ચાર ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 87 ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે.

તાપીમાં ગત એક સપ્તાહથી સતત વરસાદ થઈ રહ્યો છે. તેને લઈ જિલ્લામાંથી પસાર થતી નદીઓમાં પાણીની ભરપૂર આવક થઈ રહી છે. વ્યારાથી પસાર થતી મિંઢોળા નદી અને ડોલવણ તાલુકામાંથી પસાર થતી પૂર્ણા , અંબિકા, ઓલન નદીમાં ભરપૂર પાણીની આવક આવતા નદી કિનારાના ગામને સાવચેત કરાયા છે.

ડાંગમાં વરસાદને લઈ જિલ્લાની ખાપરી , પૂર્ણા, અંબિકાના જળસ્તરમાં વધારો થયો છે. ગત 24 કલાકમાં જિલ્લામાં સાપુતારા, સુબિર, વઘઈ અને આહવા તાલુકામાં બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો.

. . . . . . . .